- શાળામાં ગેરહાજર રહીએ તો Topic ની Link તૂટવાથી નવા Topic સરળતાથી સમજાતા નથી
- સમજવા કરતા ગોખવુ વધારે સહેલુ લાગે.
- વર્ગમાં કાર્ય પત્યા પછી ઘરે જઈ તેનું પુનરાવર્તન કરતા નથી.
- ઉંચી ટકાવારી મેળવવા માટે વાલીનું દબાણ.
- ધો. ૧૧ અને ધો. ૧૨ માં ઓછા સમયમાં વધારે Syllabus પૂરો કરવાનો હોવાથી ગોખણપટ્ટી ભર્યું વલણ.
- Competition ના યુગમાં વિદ્યાર્થીઓને ઉંચી ટકાવારી (A1 ગ્રેડ) પ્રાપ્ત કરવાની ઘેલછા.
- નીચલા ધોરણમાંથી જ તેમનામા Concept Clarity ની નિષ્ક્રિયતા.

**જીંદગીના કાર્યો સહેલા હોતા નથી. કાર્યને સહેલા બનાવવા પડે છે.**

| No. | Student Name | Marks (20) (Before) | % Before | Marks (20) (After) | % After | % Change |
|---|---|---|---|---|---|---|
| 1 | Jainil Mistry | 12 | 60 | 20 | 100 | **40** |
| 2 | Kunj Purohit | 12 | 60 | 16 | 80 | **20** |
| 3 | Charmi Parmar | 14 | 70 | 18 | 90 | **20** |
| 4 | Krishna Rangoonwala | 12 | 60 | 16 | 80 | **20** |
| 5 | Priti Prajapati | 10 | 50 | 12 | 60 | **10** |
| 6 | Sujal Patel | 14 | 70 | 16 | 80 | **10** |
| 7 | Hitanshi Berawala | 16 | 80 | 18 | 90 | **10** |
| 8 | Dishant Trambadiya | 16 | 80 | 18 | 90 | **10** |
| 9 | Harigna Chavda | 12 | 60 | 12 | 60 | **0** |
| 10 | Meet Kayasth | 14 | 70 | 12 | 60 | **- 10** |

**પરિણામ :**

➢ **ઉત્કલ્પનાઓ :**

- જો વિદ્યાર્થીઓ રોજિંદા જીવનમાં થતી / બનતી ઘટનાઓને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવાની આદત પાડે તો Concept Clarity તરફનો Attitude Develop થાય.
- જો શિક્ષકો જરૂરી સંશાધનો ઉપયોગ કરી પ્રાયોગિક અને પ્રવૃતિ શિક્ષણથી આગળ વધે તો વિદ્યાર્થીઓ વિષયમા રસ લેતા થાય.
- જો તર્કશક્તિનુ મહત્વ સમજાવવામાં આવે તો વિદ્યાર્થીઓ Concept Clarity Approach ધારણ કરવાની વૃત્તિ તરફ પ્રેરાય.
- જો શિક્ષકો Information થી Update થાય તો વિષયવસ્તુ ગુણવત્તાયુક્ત થવાને લીધે વિદ્યાર્થીઓ Concept Clarity નું મહત્વ સમજે.
- જો Concept Clarity હોય તો જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમા સારું પરિણામ આવે.
- જો દરેક પ્રકરણમાં આવતા સૂત્રોને લખીને તૈયાર કરવામાં આવે તો Example માં સારા માર્ક પ્રાપ્ત થાય.

➢ **માહિતીનું પૃથ્થકરણ :** ૯૦% વિદ્યાર્થીઓમા સુધારો થયો છે.મોટા ભાગના વિદ્યાર્થીઓમા ૧૦% થી ૨૦% સુધારો થયો છે. Jainil Mistry એકમાત્ર એવો વિદ્યાર્થી છે જેના પરિણામમા (૪૦%નો) વધારો થયો. એટલે પસંદ કરેલી શિક્ષણ પદ્ધતિ કે મહેનત મહદઅંશે અસરકારક છે. થોડા વિદ્યાર્થીઓમાં સ્થિરતા (કોઈ ફેરફાર નહી) જોવા મળી, જેમને વધુ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. એક વિદ્યાર્થીના પરિણામમા ઘટાડો થયો છે, એટલે વ્યક્તિગત સમસ્યા કે સમજ ઓછી હોવાનું કારણ હોઈ શકે.

➢ **તારણો :**

- ફિઝિક્સ કોન્સેપ્ટ ક્લિયર ન થવાનું મુખ્ય કારણ પ્રયોગાત્મક અને સર્જનાત્મક શિક્ષણનો અભાવ છે.
- ICT, પ્રયોગશાળા અને પ્રોજેક્ટ આધારિત શિક્ષણથી સમજણ વધારી શકાય.
- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો પરસ્પર સંવાદ (Interaction) વધારવાથી ભય દૂર થાય છે.
- દૈનિક જીવનમાં થતી ઘટનાઓને વૈજ્ઞાનિક અભિગમથી સમજવામાં આવે તો વિષય પ્રત્યે રસ અને રુચિ વધે છે
- વિદ્યાર્થીઓ concepts ત્યારે જ સારી રીતે ગ્રહણ કરે છે જ્યારે જ્ઞાન + અનુભવ + દૃશ્ય – આ ત્રણેયનું સંયોજન હોય.